પર્યાવરણ રક્ષણના સંદેશ સાથે અપાઈ 'તુલસીના છોડ'ની ભેટ

બંદીવાન ભાઈઓની કલાઈ પર રાખડી બાંધી બહેનોએ વહાવ્યા લાગણીસભર અશ્રુ

"મારો ભાઈ વહેલો બહાર આવી જાય..." જેલના દરવાજા બહાર અને અંદર બહેનોની આંખમાં ઉમટ્યા લાગણીસભર દૃશ્યો

(પ્રતિનિધિ) વડોદરા. તા.૨૮

વડોદરા મધ્યસ્થ જેલ ખાતે ૨૮ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ રક્ષાબંધન પર્વની ભાવનાત્મક ઉજવણી કરવામાં આવી હતી. જેલમાં સજા ભોગવી રહેલા પોતાના બંદીવાન ભાઈઓને રાખડી બાંધવા માટે દૂર-દૂરથી બહેનો અને માતાઓ જેલ પરિસરમાં પહોંચી હતી. જેલના કડક શિસ્ત અને સુરક્ષાના નિયમો વચ્ચે જ્યારે બહેનોએ ભાઈઓની કલાઈ પર રક્ષા કવચ બાંધ્યું, ત્યારે અનેક બહેનોની આંખોમાં આંસુ વહી નીકળ્યા હતા અને ભાઈ વહેલામાં વહેલી તકે બહાર આવી જાય તેવી હૃદયસ્પર્શી પ્રાર્થનાઓ કરી હતી.

ગુજરાત રાજ્યના જેલોના વડા ડૉ. કે.એલ. રાવ, ડી.આઈ.જી. સરોજકુમારી તથા જેલ અધીક્ષકના માર્ગદર્શન હેઠળ વડોદરા સેન્ટ્રલ જેલ ખાતે આ કાર્યક્રમનું ઉત્તમ આયોજન કરવામાં આવ્યું હતું. બંદીવાન ભાઈઓના સ્વાસ્થ્ય અને આરોગ્યની વિશેષ કાળજી લેવાય તે હેતુસર બજારની અન્ય મીઠાઈઓને બદલે જેલ પ્રશાસન દ્વારા 'બરોડા ડેરી' ખાતેથી શુદ્ધ અને ગુણવત્તાયુક્ત મીઠાઈઓ વિશેષરૂપે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી, જે બહેનોએ પોતાના ભાઈઓને ખવડાવી હતી.

આ પર્વ દરમિયાન જેલ પ્રશાસન દ્વારા એક નવો અને પ્રશંસનીય અભિગમ અપનાવવામાં આવ્યો હતો. સામાન્ય રીતે રક્ષાબંધન પર ભાઈઓ દ્વારા ભેટ અપાતી હોય છે, પરંતુ આ વખતે જેલ પ્રશાસન તરફથી ભાઈઓ દ્વારા ભેટ સ્વરૂપે દરેક બહેનને એક 'તુલસીનો છોડ' આપવામાં આવ્યો હતો.

લક્ષ્મી વિલાસ પેલેસમાં 'અષ્ટનાયિકા' ફિલ્મનું સ્ક્રીનિંગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

સાંસ્કૃતિક મંત્રાલય હેઠળના ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર ધ આર્ટ્સ (IGNCA), વડોદરા દ્વારા લક્ષ્મી વિલાસ પેલેસ સ્થિત રાજા રવિ વર્મા સ્ટુડિયો ખાતે 'અષ્ટનાયિકા-ધ એઈટ હિરોઈન્સ' ફિલ્મનું સ્ક્રીનિંગ યોજાયું હતું. કાર્યક્રમમાં ભારતીય સૌંદર્યશાસ્ત્રમાં વર્ણવાયેલી નાયિકાની આઠ ભાવનાત્મક અને મનોવૈજ્ઞાનિક અવસ્થાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

આ પ્રસંગે રાજમાતા શુભાંગિનીરાજે ગાયકવાડ અને અંજના રાજે ઉપસ્થિત રહ્યાં હતાં. ડૉ. દીપક કન્નાલે અષ્ટનાયિકા પરંપરાના સૌંદર્યલક્ષી તથા સાંસ્કૃતિક મહત્વ અંગે વિશેષ વ્યાખ્યાન આપ્યું હતું. ફિલ્મનું દિગ્દર્શન સંસ્કાર દેસાઈએ કર્યું છે અને નિર્માણ IGNCA, પ્રાદેશિક કેન્દ્ર વડોદરા દ્વારા કરાયું છે. કલા ઇતિહાસકાર ડૉ. રીટા સોઢા, કથક ગુરુ ડૉ. મંજરી પટવર્ધન, ડૉ. સ્મૃતિ વાઘેલા, ધ્વનિ દેસાઈ, મૂર્તિકાર કૃષ્ણા પડિયા સહિતના કલાકારો ઉપસ્થિત રહ્યા હતા. IGNCAના પ્રાદેશિક નિયામક અરૂપા લાહિરીએ આભારવિધિ કરી હતી.

વર્લ્ડ બ્રાહ્મણ ફેડરેશન અને સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના સંયુક્ત ઉપક્રમે આયોજન

માંડવી સ્થિત કલ્યાણરાય મંદિરે યોજાયો પરંપરાગત બળેવ પર્વનો ઉત્સવ

વૈષ્ણવાચાર્ય દ્વારકેશલાલ મહારાજની વિશેષ ઉપસ્થિતિમાં ભૂદેવોએ બદલી જૂની જનોઈ

(પ્રતિનિધિ) વડોદરા. તા.૨૮

રક્ષાબંધન તથા શ્રાવણી પૂનમના પવિત્ર પર્વ નિમિત્તે નગરમાં બ્રાહ્મણ સમાજ દ્વારા પરંપરાગત બળેવ પર્વની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. આ વિશેષ અવસરે બ્રાહ્મણ સમાજના ભૂદેવોએ પરંપરાગત વિધિ અનુસાર પોતાની જૂની જનોઈ બદલીને નવી જનોઈ ધારણ કરી હતી અને ધર્મ તેમજ સંસ્કૃતિના જતનનો સંદેશ આપ્યો હતો. યજ્ઞોપવિત દ્વારા બ્રાહ્મણો પોતાનું તેજ પાછું મેળવે છે અને વર્ષ દરમિયાન થયેલી નાની-મોટી ભૂલો સુધારીને નવેસરથી સત્કાર્યો કરવાની પ્રેરણા મેળવે છે.

વર્ડ બ્રાહ્મણ ફેડરેશન અને સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના સંયુક્ત ઉપક્રમે માંડવી વિસ્તારમાં આવેલા ઐતિહાસિક કલ્યાણરાય મંદિરમાં આ ભવ્ય ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વૈષ્ણવાચાર્ય દ્વારકેશલાલ મહારાજ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમના આશીર્વાદ અને માર્ગદર્શન હેઠળ આ યજ્ઞોપવિત ધારણ વિધિ સંપન્ન થઈ હતી. મંદિર પરિસરમાં મોટી સંખ્યામાં બ્રાહ્મણ સમાજના શ્રેષ્ઠીઓ અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. ધાર્મિક વિધિઓમાં સહભાગી થઈને સૌએ શ્રાવણી પૂનમ અને રક્ષાબંધન પર્વની દિવ્ય ઉજવણી કરી હતી. છેલ્લા ૧૫ વર્ષથી પૂજ્ય દ્વારકેશલાલજીની પ્રેરણાથી આ યજ્ઞોપવિત પરિવર્તન કાર્યક્રમ નિયમિતપણે યોજાતો આવ્યો છે.

ધાર્મિક પરંપરાઓ વિશે પ્રકાશ પાડતા ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે, શાસ્ત્રોમાં જણાવ્યા અનુસાર "યજ્ઞોપવિત્રમસ્તુજઃ" અર્થાત્ યજ્ઞોપવિત દ્વારા બ્રાહ્મણો પોતાનું બ્રહ્મતેજ અને આંતરિક ઊર્જા પુનઃ પ્રાપ્ત કરે છે. આજના દિવસે સૂર્યની સાક્ષીએ નૂતન યજ્ઞોપવિત ધારણ કરવાથી ભૂદેવોને નવા સત્કાર્યો કરવાની અને સમાજ ઉપયોગી કાર્યોમાં સક્રિય યોગદાન આપવાની પ્રેરણા મળે છે.

આ પ્રસંગે સમગ્ર ગુજરાતના બ્રાહ્મણ સમાજને શ્રાવણી પર્વની હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. સમાજે નવું તેજ ધારણ કરીને રાષ્ટ્ર અને સમાજ પ્રત્યેની પોતાની ફરજો નિષ્ઠાપૂર્વક નિભાવવાનો સંકલ્પ કર્યો હતો. કાર્યક્રમના અંતે "શુભમ ભવતુ કલ્યાણમસ્તુ" ના મંત્રોચ્ચાર સાથે સૌએ ધન્યતા અનુભવી હતી.

ભારે વરસાદની શક્યતા નહીંવંત, ચોમાસું નબળું પડતાં વાતાવરણમાં ઉકળાટ

2 સપ્ટેમ્બર સુધી હળવા-મધ્યમ ઝાપટાંની શક્યતા

(પ્રતિનિધિ) વડોદરા,તા.28

ગુજરાતમાં હાલ ચોમાસાએ બ્રેક લીધો હોય તેવી સ્થિતિ છે. હવામાન નિષ્ણાંતો અને ભારતીય હવામાન વિભાગના તાજેતરના અહેવાલો અનુસાર રાજ્યમાં હાલ પૂરતો ભારે કે અતિભારે વરસાદ લાવે તેવી કોઈ મજબૂત સિસ્ટમ સક્રિય નથી. જેના કારણે સપ્ટેમ્બરના શરૂઆતના દિવસો સુધી માત્ર હળવોથી મધ્યમ વરસાદ પડવાની જ શક્યતા છે.

ઓગસ્ટ મહિનામાં રાજ્યમાં સરેરાશ 22% વરસાદની ઘટ નોંધાઈ છે અને હાલમાં ચોમાસું નબળું પડતાં વાતાવરણમાં ઉકળાટ અને બફારો વધ્યો છે. હવામાન વિભાગના વડોદરાના સ્થાનિક રિપોર્ટ મુજબ, આગામી 2 સપ્ટેમ્બર સુધી સમગ્ર વડોદરા સહિત મધ્ય ગુજરાતમાં માત્ર હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડવાની સંભાવના છે. ભારે વરસાદ કે ભારે પવનની કોઈ ચેતવણી આપવામાં આવી નથી. વડોદરાનું મહત્તમ તાપમાન 34.0 ડિગ્રી નોંધાયું હતું જે સામાન્ય કરતા 2.0 ડિગ્રી વધુ છે. લઘુતમ તાપમાન 26.6 ડિગ્રી રહ્યું હતું. છેલ્લા 24 કલાકમાં વરસાદ નોંધાયો નથી. આગામી 7 દિવસની આગાહી મુજબ 29 ઓગસ્ટના રોજ હળવો વરસાદ,30 ઓગસ્ટ થી 03 સપ્ટેમ્બર સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ અને હળવા વરસાદની શક્યતા. તમામ દિવસો માટે નો વોર્નિંગ આપવામાં આવ્યું છે. મહત્તમ તાપમાન 31 થી 34 ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે. નિષ્ણાંતોના મતે, બંગાળની ખાડીમાં સર્જાનારી નવી સિસ્ટમ જ્યાં સુધી મજબૂત થઈને પશ્ચિમ તરફ આગળ ન વધે, ત્યાં સુધી ગુજરાતમાં સાર્વત્રિક અને સારો વરસાદ થવાની સંભાવના ઓછી છે. સપ્ટેમ્બર મહિનાની શરૂઆતમાં છૂટાછવાયા વરસાદી રાઉન્ડ આવી શકે છે, પરંતુ તે અગાઉ જેવા ભારે નહીં હોય.

VIPO વાડી શાખાના 32મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે ભક્તિસભર કાર્યક્રમ

'લાલો યુનિવર્સલ'ના ભજન જૅમિંગમાં ત્રણ કલાક કૃષ્ણભક્તિનો રંગ : વૈષ્ણવો જોડાયા

સની જાધવ અને અનુષ્કા પંડિતે ભજનોની રમઝટ બોલાવી, ભક્તિ સાથે એકતા-સાંસ્કૃતિક સમરસતાનો સંદેશ

(પ્રતિનિધિ) વડોદરા તા.28

VIPO સેન્ટ્રલ કમિટી તથા અગ્રવાલ વિશ્વ ધાર્મિક સંસ્થાના સહયોગથી વૈષ્ણવ યુવા સંગઠન વાડી શાખા (VIPO)ના 32મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે 'લાલો યુનિવર્સલ-ભજન જૅમિંગ' કાર્યક્રમ ભક્તિભાવપૂર્વક યોજાયો હતો. પરમપૂજ્ય ગોસ્વામી 108 શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી અને યુવા વૈષ્ણવ આચાર્ય પરમપૂજ્ય ગોસ્વામી 108 શ્રી આશ્રયકુમારજીની પાવન નિશ્રામાં કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

કાર્યક્રમમાં જાણીતા ભજન ગાયક સની જાધવ અને ગાયિકા અનુષ્કા પંડિતે સતત ત્રણ કલાક સુધી કૃષ્ણભક્તિથી સભાને તરબોળ કરી હતી. ભક્તિમય ભજનોની રજૂઆત દરમિયાન ઉપસ્થિત વૈષ્ણવો પણ ભક્તિના રંગે રંગાયા હતા. માનસી આર્ટ્સના વ્રજેશભાઈ પસારી દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે VIPO સેન્ટ્રલ કમિટીના ચેરપર્સન શશિકાંતભાઈ શેઠ, મંત્રી દેવાંગભાઈ જસાણી, વડોદરા શહેર ભાજપના પૂર્વ પ્રમુખ ડૉ. વિજયભાઈ શાહ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. VIPOની સેન્ટ્રલ, કોર અને એક્ઝિક્યુટિવ કમિટીના સભ્યો તેમજ વિવિધ શાખાઓના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં વૈષ્ણવો કાર્યક્રમમાં જોડાયા હતા.

VIPO સેન્ટ્રલ કમિટીના પ્રમુખ બંદિશભાઈ શાહ તથા પૂર્વ પ્રમુખ અને અગ્રવાલ વિશ્વ ધાર્મિક સંસ્થાના પ્રમુખ હેમંતભાઈ અગ્રવાલના વિશેષ સહયોગ બદલ VIPO વાડી શાખાના કન્વીનર પરેશભાઈ પટેલે આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમ થકી વૈષ્ણવ સમાજમાં ભક્તિ, એકતા અને સાંસ્કૃતિક સમરસતાનો સંદેશ પ્રસર્યો હતો.

સંખેડા દશાલાડ સમાજનો ઓનલાઈન પ્રતિભા મહોત્સવ યોજાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.28

સંખેડા દશાલાડ સમાજ અને સંખેડા મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે કુમુદબેન દેસાઈના સૌજન્યથી ઓનલાઈન પ્રતિભા મહોત્સવ યોજાયો હતો. દેશ-વિદેશમાં વસતા 76થી વધુ જ્ઞાતિજનો તેમાં જોડાયા હતા. ભૂલકાંઓથી લઈને મહિલાઓ અને વયસ્કોએ ચાર રાઉન્ડમાં પુષ્ટિ ભક્તિ, રાષ્ટ્રપ્રેમ, ફિલ્મી ગીતો, ડાન્સ અને શૌર્યગીતોની સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. મહિલા મંડળનાં પ્રમુખ કલ્પનાબેન પરીખે કુમુદબેન દેસાઈનું સ્વાગત કરી આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમનું આયોજન મુખ્ય કન્વીનર જયેન્દ્રભાઈ શંકરલાલ શાહ અને જયેશભાઈ સૂર્યાવાલાના માર્ગદર્શન હેઠળ કરાયું હતું. સમાજના પદાધિકારીઓએ આયોજનની પ્રશંસા કરી હતી.

વડોદરા પોસ્ટમાં 'રાખડી એક્સપ્રેસ' : પર હજારથી વધુ રાખડીઓ દેશ-વિદેશ રવાના

બહેનોએ ટપાલ-કુરિયરથી ભાઈ સુધી પ્રેમ મોકલ્યો, પોસ્ટ વિભાગને ૩.48 લાખની આવક

સ્પીડ પોસ્ટમાં 23 હજાર રાખડીઓનું બુકિંગ, વિદેશ માટે 4,342 પાર્સલ રવાના

(પ્રતિનિધિ) વડોદરા તા.28

ભાઈ-બહેનના પવિત્ર સ્નેહના પર્વ રક્ષાબંધનને લઈને સંસ્કારી નગરી વડોદરામાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ભાઈથી દૂર રહેતી બહેનોએ ટપાલ અને કુરિયર સેવાનો સહારો લઈ રાખડી સાથે પ્રેમ અને લાગણીનો સંદેશ મોકલ્યો હતો. રક્ષાબંધનની પૂર્વસંધ્યા સુધી વડોદરા પોસ્ટ વિભાગમાંથી દેશ-વિદેશમાં 52,300થી વધુ રાખડીઓ મોકલવામાં આવી હતી. રાખડીઓના બુકિંગથી વડોદરા પોસ્ટ વિભાગને અંદાજે ૩.48 લાખની આવક થઈ હતી.

રક્ષાબંધન નિમિત્તે વડોદરા આવતા-જતા લોકોની સંખ્યામાં પણ વધારો થયો હતો. જોકે, કામકાજ, અંતર અથવા અન્ય કારણોસર ભાઈ સુધી રૂબરૂ પહોંચી ન શકનાર બહેનોએ પોસ્ટ સેવાનો ઉપયોગ કર્યો હતો. વડોદરા ઈસ્ટ અને વેસ્ટ ડિવિઝનની મુખ્ય પોસ્ટ ઓફિસોમાં છેલ્લા કેટલાક દિવસોથી રાખડી મોકલવા માટે ગ્રાહકોની લાંબી લાઈનો જોવા મળી હતી. જેના પગલે પોસ્ટ વિભાગનો દૈનિક વર્કલોડ પણ વધ્યો હતો.

બહેનોની રાખડી સુરક્ષિત અને સમયસર પહોંચે તે માટે પોસ્ટ વિભાગે વિશેષ રાખડી એન્વેલપ, સ્પીડ પોસ્ટ, ઓર્ડિનરી ટપાલ અને ઈન્ટરનેશનલ ટ્રેક પેકેટ સર્વિસ (ITPS) જેવી સેવાઓ ઉપલબ્ધ કરાવી હતી.

વિભાગના આંકડા મુજબ સૌથી વધુ 23,000 રાખડીઓ સ્પીડ પોસ્ટ મારફતે મોકલવામાં આવી હતી. જ્યારે રક્ષાબંધન માટે પોસ્ટ વિભાગ દ્વારા તૈયાર કરાયેલા વોટરપ્રૂફ અને સુશોભિત 17,000 વિશેષ રાખડી એન્વેલપનું વેચાણ થયું હતું. સામાન્ય ટપાલ સેવા દ્વારા પણ 8,040 રાખડીઓ મોકલવામાં આવી હતી.

વિદેશમાં વસતા ભાઈઓને રાખડી મોકલવા માટે પણ બહેનોએ મોટી સંખ્યામાં પોસ્ટ સેવાનો ઉપયોગ કર્યો હતો. છેલ્લા એક મહિનામાં વડોદરા પોસ્ટ વિભાગમાંથી ITPS મારફતે 4,342 પાર્સલ વિદેશ રવાના કરવામાં આવ્યા હતા. આમ, અંતર ભલે હજારો કિલોમીટરનું હોય, પરંતુ ટપાલ વિભાગે બહેનોની રાખડી ભાઈઓ સુધી પહોંચાડી રક્ષાબંધનના પર્વે લાગણીનો સેતુ જાળવી રાખ્યો હતો.

'દારૂબંધી કડક કરો અથવા છૂટ આપો' : SSDનો સરકાર સામે મોરચો

(પ્રતિનિધિ) વડોદરા તા.28

ભાવનગરના ખરકડી ગામમાં થયેલા ઝેરી દારૂકાંડના પગલે ગુજરાતમાં દારૂબંધીના અમલીકરણ સામે સવાલો ઉઠી રહ્યા છે. વડોદરા કલેક્ટર કચેરી ખાતે 'સ્વયં સૈનિક દળ' (SSD) દ્વારા વિરોધ નોંધાવી મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવાયું હતું. SSDના કાર્યકરોએ આક્ષેપ કર્યો હતો કે દારૂબંધી હોવા છતાં રાજ્યમાં અવારનવાર લઠ્ઠાકાંડ અને ડ્રગ્સની ઘટનાઓ સામે આવે છે.

SSDના અગ્રણી નીલેશ ભારતીયે જણાવ્યું હતું કે, "કાં તો દારૂબંધીનો કડક અમલ કરો અથવા દારૂની છૂટ આપો." તેમણે આક્ષેપ કર્યો કે ગેરકાયદેસર દારૂ અને ડ્રગ્સના નેટવર્ક સામે તંત્રની કાર્યવાહી અપૂરતી છે. સંગઠને ગૃહમંત્રી સહિત ઉચ્ચ વહીવટી અને પોલીસ અધિકારીઓની જવાબદારી નક્કી કરી નશાખોરીના નેટવર્ક સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

ભરૂચની નિધિ પટેલે તે યુવકને રાખડી બાંધી, જેમણે ત્રણ વર્ષ પહેલાં તેના સ્વર્ગસ્થ ભાઈનું હૃદય મેળવ્યું

રાખડીના પવિત્ર દોરે જોડાયાં, ભાઈનું હૃદય ધબકતું મળ્યું 'બીજા ભાઈ'માં

બે પરિવારો વચ્ચે લોહી કરતાં ઊંડો પ્રેમ સંબંધ વણાયો

'મારો ભાઈ એક રીતે હજુ જીવે છે' : આંખોમાં આંસુ સાથે નિધિની લાગણી, રવિરાજ બોલ્યો- શૈશવે મને બહેન પણ આપી

(પ્રતિનિધિ) ભરૂચ, તા. 28

રક્ષાબંધનના પાવન પર્વે આ વર્ષે એક અનોખી ભાઈ-બહેનની જોડીએ માનવતાની જીત માટે અનોખો અભિગમ સામે આવ્યો છે. ભરૂચ જિલ્લાના હાંસોટ નજીક આસરમા ગામે 25 વર્ષીય નિધિ પટેલે રવિરાજ મહિડા (ઉ.વ. 25) ને રાખડી બાંધી, જેમણે ત્રણ વર્ષ પહેલાં તેના સ્વર્ગસ્થ ભાઈ શૈશવ પટેલનું હૃદય પ્રત્યારોપણ દ્વારા મેળવ્યું હતું. અંકલેશ્વરના હજાત ગામે રહેતી નિધિ પટેલ માટે આ વાર્ષિક વિધિ એક પ્રિય પરંપરા બની ગઈ છે, જે અંગદાન બાદ બંને પરિવારો વચ્ચે ઊંડા બંધનમાં પરિવર્તિત થઈ છે.

જ્યારે નિધિએ રવિરાજના કાંડા પર રાખડી બાંધી, ત્યારે તેની આંખો ભીની હતી. તેણે સ્વીકાર્યું, "મને થોડી ઠાઢક મળે છે કે મારો ભાઈ હજુ પણ એક રીતે જીવે છે." રવિરાજ માટે આ બંધન માત્ર ધાગો નહીં, પણ બે પરિવારોની દિલોની દોરી છે.

ભરૂચની ફેક્ટરીમાં કામ કરતા અને ખેતીમાં પરિવારને હાથભેટ આપતા મિકેનિકલ એન્જિનિયર શૈશવ પટેલનો માર્ચ-2023માં ગંભીર અકસ્માત થયો. અંકલેશ્વરની હોસ્પિટલ બાદ સુરત ખસેડાયા ત્યારે ડોક્ટરોએ તેમને બ્રેઈન ડેડ જાહેર કર્યા. આ આઘાતજનક સમયે નિધિએ અને તેના પરિવારે અત્યંત હિંમત બતાવી.ગ્રામીણ અભ્યાસમાં માસ્ટર ડિગ્રી ધરાવતી નિધિ કહે છે, "અમે આઘાતમાં હતા, પણ ડોનેટ લાઈફે અમને સમજાવ્યું કે અમારા ભાઈના અંગો ઘણા બધાને નવજીવન આપી શકે છે. તે વિચારે મને હિંમત આપી અને મેં માતા-પિતાને મનાવી લીધા." આ રીતે શૈશવનું હૃદય રવિરાજ સુધી પહોંચ્યું. પ્રત્યારોપણ બાદ પટેલ પરિવારને જાણ થઈ કે હૃદય રવિરાજમાં ટ્રાન્સપ્લાન્ટ થયું. ધીમે ધીમે આ દાતા-પ્રાપ્તકર્તાનો સંબંધ વિસ્તૃત પરિવારમાં ફેરવાઈ ગયો. નિધિ કહે છે, "હું રવિના માતાપિતાને બોલાવું છું ત્યારે તેઓ મને દીકરી જ ગણે છે."રવિરાજ મહિડાએ ભાવુકતાપૂર્વક કહ્યું, "શૈશવનું હૃદય મારી અંદર ધબકે છે. નિધિએ બાંધેલી રાખડી મારા કાંડા પર જ નહીં, પણ બે પરિવારોના હૃદય પર બંધાયેલી છે. શૈશવે મને માત્ર જીવન જ નહીં, નિધિ રૂપે એક વહાલસોયી બહેન પણ આપી છે."

ડોનેટ લાઈફના સ્થાપક નિલેશ મંડલેવાલાએ મત વ્યક્ત કર્યો કે, "આ માત્ર રક્ષાબંધન નથી; આ માનવતાના અતૂટ બંધનનો ઉત્સવ છે. શૈશવના હૃદયે અજાણ્યા પરિવારોને પ્રેમના પવિત્ર દોરામાં બાંધી દીધા છે.લોહી કરતાં ઊંડા. અંગદાન માત્ર જીવન બચાવતું નથી, તે સંબંધોને નવી ઓળખ આપે છે." ઉલ્લેખનીય છે કે,શૈશવનું હૃદય આજે રવિરાજમાં ધબકી રહ્યું છે, અને નિધિની રાખડી બંને પરિવારોને પ્રેમની અમર ગાંઠે બાંધી ગઈ છે.

[પરિશિષ્ટ IV-A] [નિયમ ૮ (૬)ની જોગવાઇ સાથે વાંચો નિયમ ૯ (૧)]

સ્થાવર મિલકતના ઈ-હરાજી વેચાણ માટેની જાહેર નોટિસ

એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ

CIN: U67100MH2007PLC174759

રજિસ્ટર્ડ ઓફિસઃ એડલવાઈસ હાઉસ, ૧લો માળ, સી.એસ.ટી. રોડ પાસે, કાલિના, મુંબઈ ૪૦૦૦૯૮.

ધ સિક્યોરિટીઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની કલમો સાથે વાંચો સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ("રૂલ્સ") ના નિયમ ૮(૬) અને ૯(૧) ના પ્રોવિઝો હેઠળ સ્થાવર જામીનગીરી મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી નોટિસ

નીચે દર્શાવેલ વિવિધ વેચાણકર્તા સંસ્થાઓ (જેને હવે પછી "અસાઈનર" તરીકે ઓળખવામાં આવશે) ની નાણાકીય સુવિધાઓ એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડને ટ્રાન્સફર (અસાઇન) કરવામાં આવી છે, જે આપેલા કોષ્ટકમાં સ્પષ્ટપણે દર્શાવેલ વિવિધ ટ્રસ્ટોના ટ્રસ્ટી તરીકે કાર્ય કરે છે. આ ટ્રાન્સફરને અનુસરીને, EARC એ અસાઇનર તરીકે તમામ અધિકારો મેળવ્યા છે અને સુરક્ષિત લેણદાર તરીકે તેના અધિકારોનો ઉપયોગ કરે છે. EARC એ સુરક્ષિત લેણદાર તરીકે, SARFAESI એક્ટ અને તેના નિયમોની કલમ ૧૩(૪) હેઠળ નીચે દર્શાવેલ સ્થાવર જામીનગીરી મિલકતોનો કબ્જો મેળવેલ છે. આથી સામાન્ય જનતાને અને ખાસ કરીને દેવાદાર(રો) અને જામીનદાર(રો)ને ૧૫/૩૦ દિવસની નોટિસ આપવામાં આવે છે કે સુરક્ષિત લેણદારની તરફેણમાં ગીરો મૂકેલી નીચે મુજબની સ્થાવર જામીનગીરી મિલકતો, જેનો પ્રત્યક્ષ કબ્જો (Physical Possession) ઓથોરાઈઝડ ઓફિસર (AO) દ્વારા લેવામાં આવ્યો છે, તેનું વેચાણ "જેમ છે જ્યાં છે", "જેમ છે જેવું છે", અને "જે કાંઈ પણ છે"ના ધોરણે કરવામાં આવશે. આ વેચાણ EARC ના લેણાંની વસૂલાત માટે કરવામાં આવશે, જેમાં આગળનું વ્યાજ અને અન્ય ખર્ચ/પડતર ઉમેરવામાં આવશે, તથા દેવાદાર(રો) અને જામીનદાર(રો) પાસેથી મળેલી રકમ બાદ કરવામાં આવશે. મિલકત માટે અનામત કિંમત (Reserve Price) અને અનામત રકમ Deposited (EMD) નીચે મુજબ દર્શાવેલ છે.

ઈ-હરાજી માટે મુકાયેલ સ્થાવર મિલકતોની વિગતોઃ

લોન ખાતા નંબર/ વેચાણ કરતી સંસ્થા	દેવાદાર /સહ-દેવાદાર/ જામીનદાર/ગીરો મુકનારનું નામ	ટ્રસ્ટનું નામ	તારીખ સુધી બાકી નીકળતી કુલ રકમ (INR)	રિઝર્વ પ્રાઇસ (INR)	અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) (INR)	હરાજીની તારીખ અને સમય	કબ્જાનો પ્રકાર
'638936189,'6382 13750,'638213293 ,'638935951 /HDFC Bank Ltd	1. ખાબિયા ચિરાગ મોહનલાલ ("દેવાદાર") 2. ખાબિયા અવંતિકા (સહ-દેવાદાર)	EARC TRUST-SC 469	રૂ. 36,76,286.69 તારીખ 27.09.2026 સુધી	Rs. 15,00,000/-	Rs. 1,50,000/-	૨૨-૦૯-૨૦૨૬ સવારે ૧૧:૦૦:૦૦ વાગ્યે	પ્રત્યક્ષ કબ્જો
મિલકતનું વર્ણનઃ રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ વડોદરા, સબ-ડિસ્ટ્રિક્ટ વડોદરા ડિવિઝન-3 (અકોટા), મોજે ગામ બિલ, તાલુકો, ડિસ્ટ્રિક્ટ, વડોદરા ખાતે, રેવન્યુ સર્વે નંબર-780, બ્લોક નંબર-561, કુલ ક્ષેત્રફળ 11736.00 ચો. મીટર, બિન-ખેતીની જમીન. અને રેવન્યુ સર્વે નંબર-781, બ્લોક નંબર-559, કુલ ક્ષેત્રફળ 3845.00 ચો. મીટર, બિન-ખેતીની જમીન. ટાવરઃ D, ફ્લોરઃ ચોથો, ફ્લેટ નંબરઃ 401, અપૂર્ણ બાંધકામનું ક્ષેત્રફળઃ 78.85 ચો. મીટર, કોમન સ્પેસનું ક્ષેત્રફળ (પેસેજ, લિફ્ટ, સીડી, પાર્કિંગ): 32.52 ચો. મીટર, અવિભાજિત જમીનનું ક્ષેત્રફળઃ 41.48 ચો. મીટર. ઉપરોક્ત મિલકતની ચતુર્સીમા નીચે મુજબ છેઃ પૂર્વઃ ટાવર-C આવેલ છે. પશ્ચિમઃ ફ્લેટ નંબર D/404 આવેલ છે. ઉત્તરઃ ટાવર-O આવેલ છે. દક્ષિણઃ ફ્લેટ નંબર D/402 આવેલ છે., વડોદરા, ગુજરાત - 390020						
'AFH0009003742 98 /Yes Bank Limited	1. નિલેશ નારાયણ મસ્કે ("દેવાદાર") 2. નારાયણ ટી. મસ્કે (સહ-દેવાદાર)	EARC Trust SC 471	રૂ. 37,72,243.10 તારીખ 27-08-2026 સુધી	Rs. 18,70,000/-	Rs. 1,87,000/-	22-09-2026 બપોરે 12:00 વાગ્યે	પ્રત્યક્ષ કબ્જો
મિલકતનું વર્ણનઃ શ્રી ગુજરાત રાજ્ય નોંધણી જિલ્લો વડોદરા, સબ-રજીસ્ટ્રેશન જિલ્લો વડોદરા વિભાગ-2 (દંતેશ્વર), મોજે ગામ તરસાલી સીમ, રેવન્યુ સર્વે નંબર 15/1, ખાતા નંબર 651/1, જેનું ક્ષેત્રફળ 5250.00 ચોરસ મીટર છે, ટી.પી. સ્કીમ નંબર 38 માં સમાવિષ્ટ જમીનને ફાઈનલ પ્લોટ નંબર 9 ફાળવવામાં આવ્યો છે, તે મુજબ, 4504.00 ચોરસ મીટરનું ક્ષેત્રફળ ધરાવતી જમીન/ મિલકત, વડોદરા મહાનગર સેવા સદનમાં મંજૂર થયેલા નકશા મુજબ બાંધવામાં આવેલા "શ્રી રામ રેસિડેન્સી" નામના પ્રોજેક્ટના ટાવર - I માં ત્રીજા માળે આવેલ ફ્લેટ નંબર I-302 ધરાવતી મિલકત. ટાવર ફ્લેટ નં. માળ ફ્લેટ કાર્પેટ એરિયા ચો.મી. સામાન્ય ઉપયોગના ક્ષેત્રફળ ચો.મી. ફ્લેટ બાંધકામ ક્ષેત્રફળ (ચો.મી.) બિલ્ટ-અપ એરિયા બિલ્ટ-અપ એરિયા વડોદરા 982- શેર્ડ સીડી, લિફ્ટ, પેસેજ, ગ્રાઉન્ડ ફ્લોરનું કવર્ડ પાર્કિંગ ચો.મી. કુલ બાંધકામ ક્ષેત્રફળ (